# પ્રેસ નોટ

## જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી સરદારનગર પોલીસ અમદાવાદ શહેર

આજરોજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ સાહેબ તથા એ.સી.પી. શ્રી જી ડીવીઝન સાહેબ નાઓની સુચના આધારે પો.ઇન્સ. સરદારનગર પો.સ્ટે. નાઓના સીધા માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ. આર.જી.બારોટ તથા એ.એસ.આઇ. રઘુભાઇ વિઠલભાઇ બ.નં. ૧૧૮ તથા પો.કો જિતેંદ્રસિંહ જશવંતસિંહ બ.નં-૩૩૫૬ નાઓ સાથે નોબલનગર ચોકી વિસ્તારમા પેટ્રોલીંગ હતા દરમ્યાન પો.સ.ઇ. આર.જી.બારોટ તથા એ.એસ.આઇ રઘુભાઇ વિઠ્ઠલભાઇ બ.નં-૧૧૮ નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે નંદિગ્રામમાં શ્રીનાથ એવન્યુ એ બ્લોક મકાનં-૨૦૧માં કેટલાક લોકો પોતાના આર્થીક ફાયદા સારુ પૈસા પાનાથી નાણાંની હારજીતનો જુગાર રમી રમાડે છે જે બાતમી હકીકત આધારે પંચોના માણસો તથા પોલીસના માણસો સાથે બાતમી હકીકતવાળી જગ્યાએ રેડ કરતા કુલ ૬ આરોપીઓને રોકડ નાણાં રુ. ૨૫૮૭૦/- તથા દાવ ઉપરના નાણાં રુ. ૭૭૧૦/- તથા ગંજીફાના પાના નંગ : ૫૨ કિ.રૂ.૦૦/૦૦ જે કુલ્લે કિ.રુ.૩૩૫૮૦/ નો મુદ્દામાલ સાથે ઝડપી પાડી આરોપીઓ વિરુધ્ધ સેકન્ડ ગુ.ર.નં. ૩૫૦૭ /૧૯ ધી જુગાર ધારા કલમ ૪, ૫ મુજબનો ગુન્હો દાખલ કરાવેલ છે.

સદરી કામગીરી પો.ઇન્સ. સી.આર.જાદવ તથા પો.સ.ઇ. આર.જી.બારોટ તથા એ.એસ.આઇ. રઘુભાઇ વિઠલભાઇ બ.નં. ૧૧૮ તથા પો.કો જિતેંદ્રસિંહ જશવંતસિંહ બ.નં-૩૩૫૬ નાઓએ ટીમવર્કથી કરેલ છે.

સરદારનગર પોલીસે ચાલુ વર્ષે ( ૨૫ ઓગષ્ટ ૨૦૧૯ સુધીમાં ) પ્રોહીના કુલ ૪૫ તથા જુગારના કુલ ૫૪ મળી કુલ ૯૯ કવોલીટી કેસ શોધેલ છે.

Scanned by CamScanner